RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 216 * Date: 29.5.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# પાકિસ્તાન-સાઉદી અરેબિયાએ ઈઝરાયલ સાથે હાથ મિલાવવા પડશે? ટ્રમ્પે ફરી આપ્યું અલ્ટિમેટમ



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપવા માટે ફરી એકવાર મોટો દાવ ખેલ્યો છે. ટ્રમ્પે ખાડી દેશો પર 'અબ્રાહમ એકોર્ડ્સ'માં જોડાવા માટે દબાણ વધાર્યું છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી છે કે ઈરાન સાથેની કોઈપણ ડીલ અથવા મધ્ય પૂર્વના વિવાદોનો અંત લાવવાના અમેરિકાના પ્રયાસો ત્યારે જ સફળ થશે, જ્યારે સાઉદી અરેબિયા, કતાર, પાકિસ્તાન, ઈજિપ્ત અને તૂર્કીયે જેવા દેશો સત્તાવાર રીતે આ કરાર પર હસ્તાક્ષર કરશે.ટ્રમ્પની ખાડી દેશોને ખુલ્લી ચેતવણી: 'અમારો સાથ આપવો જ પડશે'તાજેતરમાં યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, સાઉદી અરેબિયા અને કતાર સહિતના દેશોએ તાત્કાલિક અબ્રાહમ એકોર્ડ્સ પર સહી કરવી જોઈએ. ટ્રમ્પે રોકડા પરખાવતા કહ્યું કે, 'સાચું કહું તો, તેઓ આપણા ઋણી છે અને તેમણે આ કરવું જ પડશે. જો આ દેશો કરારમાં જોડાશે તો તે એક ઐતિહાસિક ઘટના બનશે. જો ખાડી દેશો આ ફ્રેમવર્કમાં જોડાવાનો ઈનકાર કરશે, તો અમેરિકા મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપવાના પોતાના પ્રયાસો પર ફરીથી વિચાર કરી શકે છે.સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરને સોંપાઈ મોટી જવાબદારીપ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યારે ટ્રમ્પે તેમના ખાસ દૂત સ્ટીવ વિટકોફને પૂછ્યું કે શું અન્ય દેશોને આ કરાર માટે મનાવી શકાશે? ત્યારે વિટકોફે જવાબ આપ્યો હતો કે, 'અમે ચોક્કસપણે આ માટે પૂરેપૂરું દબાણ કરી રહ્યા છીએ.' ટ્રમ્પના મતે આ કરારમાં જોડાવાથી સાઉદી અરેબિયા, કતાર અને કુવૈત જેવા દેશોને આર્થિક અને રાજકીય રીતે ઘણો મોટો ફાયદો થશે. તેમણે આ મામલે યુનાઈટેડ આરબ એમિરેટ્સની ભૂમિકાના પણ મન મૂકીને વખાણ કર્યા હતા.અબ્રાહમ એકોર્ડ્સની શરૂઆત વર્ષ ૨૦૨૦માં ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન અમેરિકાની મધ્યસ્થતાથી થઈ હતી. આ કરારનું નામ યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મમાં સમાન રીતે પૂજનીય એવી ધાર્મિક હસ્તી 'અબ્રાહમ'ના નામ પરથી રાખવામાં આવ્યું છે. આ ફ્રેમવર્કનો મુખ્ય ઉદ્દેશ્ય ઈઝરાયલ અને આરબ તેમજ મુસ્લિમ બહુમતી ધરાવતા દેશો વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવાનો છે. આ કરાર હેઠળ દેશો વચ્ચે વેપાર, ટેક્નોલોજી, પ્રવાસન, તબીબી અને કૃષિ ક્ષેત્રે સહકાર વધારવામાં આવે છે.`છઈ અને બહેરીન આ કરાર પર હસ્તાક્ષર કરનારા પ્રથમ ખાડી દેશો બન્યા હતા, ત્યારબાદ મોરોક્કો અને સુદાન પણ તેમાં જોડાયા હતા.ટ્રમ્પનો સોશિયલ મીડિયા પર માસ્ટરસ્ટ્રોક: ઈરાનને પણ આમંત્રણ!ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટ શેર કરીને સાઉદી અરેબિયા, કતાર,પાકિસ્તાન, તૂર્કીયે, ઈજિપ્ત અને જોર્ડનને ભવિષ્યના સંભવિત સભ્યો ગણાવ્યા છે. તેમણે લખ્યું કે જે દેશો આમાં જોડાવાનો ઈનકાર કરી રહ્યા છે તેઓ 'ખરાબ ઈરાદો' ધરાવે છે.

## લેબેનોન-ઈઝરાયલ યુદ્ધઃ ૩૦૦ ગામો ખાલી કરવા આદેશ, 'કોમ્બેટ ઝોન' જાહેર; મકાનો બન્યા કાટમાળ



ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે થયેલા યુદ્ધવિરામ બાદ ફરી એકવાર સ્થિતિ બેકાબૂ બની ગઈ છે. ઈઝરાયલી સેનાએ (ૈંર્ડ્ઢહ્લ) દક્ષિણ લેબેનોનના એક વિશાળ વિસ્તારને કોમ્બેટ ઝોન જાહેર કરીને ત્યાં વસતા લોકોને તાત્કાલિક વિસ્તાર ખાલી કરી દેવાનો આદેશ આપ્યો છે. સેનાએ નાગરિકોને સરહદથી આશરે ૪૦ કિલોમીટર દૂર આવેલી ઝહરાની નદીની ઉત્તરે જતા રહેવા જણાવ્યું છે. ૧૭ એપ્રિલે યુદ્ધવિરામ અમલમાં આવ્યા બાદ આ અત્યાર સુધીનો સૌથી મોટો ઈવેક્યુએશન ઓર્ડર છે, જે લેબેનોનના અંદાજે ૧૪% વિસ્તારને આવરી લે છે.અત્યંત ક્રૂરતાપૂર્વક હુમલા કરવાની ઈઝરાયલની ચીમકઈઝરાયલી સેનાએ હિઝબુલ્લાહ પર વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવતા કહ્યું છે કે, તેઓ હવે આ વિસ્તારમાં અત્યંત આક્રમક બળ સાથે લશ્કરી કાર્યવાહી કરશે. આ ચેતવણી બાદ ઈઝરાયલે દક્ષિણના મોટા શહેર તાયર (્અીિ) પર જોરદાર એરસ્ટ્રાઈક કરી છે. જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ છે. અહેવાલો મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયલી સેનાએ ૯ વખત વિસ્તાર ખાલી કરવાની ચેતવણીઓ જાહેર કરી છે.૩૦૦ થી વધુ ગામડાઓ પ્રભાવિત, વિસ્થાપિતો માટે રહેવા જગ્યા નથીઝહરાની નદીની દક્ષિણના વિસ્તારોને ખાલી કરવાના આ આદેશથી લગભગ ૩૦૦ નગરો અને ગામડાઓ પ્રભાવિત થયા છે. ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ (ૈંઝ્રઇઝ્ર) ના લેબેનોન ખાતેના વડા એગ્નેસ ધુરના જણાવ્યા અનુસાર, દક્ષિણ લેબેનોનની સ્થિતિ હવે અત્યંત જોખમી વળાંક પર પહોંચી ગઈ છે. કિનારાના શહેર સિદોન (જીૈર્ઙ્ઘહ) માં હવે વિસ્થાપિત પરિવારોને આશરો આપવા માટે જગ્યા બચી નથી, તેથી લોકોને વધુ પૂર્વમાં આવેલી બેકા વેલી અને માઉન્ટ લેબેનોન તરફ જવા માટે અપીલ કરવામાં આવી રહી છે.બીજી તરફ, હિઝબુલ્લાહે દાવો કર્યો છે કે સરહદથી ૩૦ કિમી દૂર આવેલી ઝાવતાર અલ-શર્કિયા નામના નગરમાં તેમના લડવૈયાઓ ઈઝરાયલી સૈનિકો સાથે સામસામે છે.પીએમ નેતન્યાહુએ ગ્રાઉન્ડ ઓપરેશન વધારવાની કરી જાહેરાતઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કેબિનેટ બેઠકમાં સ્પષ્ટ કર્યું છે કે, ઈઝરાયલી સેના દક્ષિણ લેબેનોનમાં પહેલેથી કબજે કરેલી જમીનની સરહદથી પણ આગળ વધીને પોતાનું ઓપરેશન વધારે ગાઢ કરી રહી છે. નેતન્યાહુએ કહ્યું કે, અમે ઈઝરાયલના ઉત્તરીય સમુદાયોના રક્ષણ માટે સુરક્ષા ક્ષેત્રને વધુ મજબૂત અને વ્યાપક બનાવી રહ્યા છીએ.

## સીઝફાયરના ધજાગરા: બંદર અબ્બાસ પર હુમલાના જવાબમાં ઈરાનનો અમેરિકાના એરબેઝ પર એટેક



અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ મંત્રણા સતત નિષ્ફળ જતી જોવા મળી રહી છે. આ તણાવ વચ્ચે ખાડી દેશોમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. ઈરાનની એરફોર્સ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (ૈંઇય્ઝ્ર) દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે તેમણે બંદર અબ્બાસ પોઈન્ટ નજીક થયેલા હુમલાના જવાબમાં અમેરિકન એરબેઝ પર જવાબી હુમલો કર્યો છે. બીજી તરફ, આ યુદ્ધની અસર પાડોશી દેશો પર પણ દેખાવા લાગી છે અને કુવૈતે પોતાની સરહદ તરફ આવતી મિસાઈલ અને ડ્રોનને હવામાં જ તોડી પાડવાની શરૂઆત કરી દીધી છે.ઈરાનનો અમેરિકન એરબેઝ પર મિસાઈલ હુમલોમીડિયા રિપોર્ટ અનુસાર, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે ગુરુવારે જણાવ્યું હતું કે સ્થાનિક સમય મુજબ સવારે ૪:૫૦ વાગ્યે તેમણે અમેરિકન એરબેઝને નિશાન બનાવીને મોટી જવાબી કાર્યવાહી કરી છે. આ કાર્યવાહી અમેરિકા દ્વારા ઈરાનના વ્યૂહાત્મક રીતે મહત્ત્વના ગણાતા બંદર અબ્બાસ પોઈન્ટ નજીક કરવામાં આવેલા હુમલાના વિરોધમાં કરવામાં આવી છે. જો કે, ઈરાને હજુ સુધી એ ખુલાસો નથી કર્યો કે તેમણે અમેરિકાના કયા સૈન્ય બેઝ પર આ મિસાઈલ દાગી છે.ઈરાની સેનાએ અમેરિકાને સીધી અને અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપી છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે જો અમેરિકા દ્વારા આ પ્રકારના હુમલાનું પુનરાવર્તન કરવામાં આવશે, તો ઈરાન આનાથી પણ વધુ વિનાશક, નિર્ણાયક અને ઘાતક પ્રહાર કરશે. હવે પછીના કોઈપણ ગંભીર અને ભયાનક પરિણામો માટે માત્રને માત્ર હુમલો કરનાર દેશ (અમેરિકા) પોતે જ જવાબદાર રહેશે.પાડોશી દેશો એલર્ટ પરઃ કુવૈતે હવામાં જ મિસાઈલ અને ડ્રોન ઉડાવ્યબંને દેશો વચ્ચે શરૂ થયેલી આ ભીષણ ગોળાબારીની સીધી અસર હવે સમગ્ર મિડલ ઈસ્ટ અને પાડોશી દેશો પર સ્પષ્ટ દેખાઈ રહી છે. વિસ્તારમાં અચાનક વધેલા યુદ્ધના જોખમને જોતા કુવૈતના સંરક્ષણ મંત્રાલયે સત્તાવાર જાહેરાત કરી છે કે તેઓ પોતાની એરસ્પેસ તરફ આવી રહેલી શંકાસ્પદ મિસાઈલ અને યુએવી (ડ્રોન)ને રડાર દ્વારા ટ્રેક કરીને હવામાં જ નષ્ટ કરી રહ્યા છે, જેથી દેશની સુરક્ષા જળવાઈ રહેઆ પહેલા બુધવારે મોડી રાત્રે અમેરિકાએ ઈરાનની સરહદની અંદર ઘૂસીને એક મોટા હવાઈ હુમલાને અંજામ આપ્યો હતો. અહેવાલો મુજબ, સ્થાનિક સમય અનુસાર રાત્રે આશરે ૧:૩૦ વાગ્યે ઈરાનના પ્રખ્યાત બંદર અબ્બાસ શહેરના પૂર્વીય ભાગમાં એક પછી એક ત્રણ પ્રચંડ ધડાકા સંભળાયા હતા.

## ઈરાન શાંત થયું ત્યાં અમેરિકા-સાઉદી વચ્ચે વિવાદ, ટ્રમ્પની આ શરતે બગાડ્યો આખો ખેલ

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે હવે પડદા પાછળ એક નવું યુદ્ધ શરૂ થતું દેખાઈ રહ્યું છે. આ વખતે મામલો સીધો વોશિંગ્ટન અને તેના સૌથી જૂના આરબ સાથી દેશ સાઉદી અરેબિયા વચ્ચેનો છે. આ વિવાદ પાછળ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી રણનીતિ જવાબદાર છે, જેમાં તેમણે ઈરાન સાથેના સંભવિત શાંતિ કરારને 'અબ્રાહમ એકોર્ડ્સ' (છહ્વટ્ઠિરટ્ઠદ્બ છષ્ઠષ્ઠિંઙ્ઘજ) સાથે જોડી દીધો છે. ૨૫ મેના રોજ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક મોટો સંદેશ આપતા કહ્યું કે, ઈરાન સાથેના કોઈપણ શાંતિ કરારનો હિસ્સો બનવા માટે મુસ્લિમ દેશોએ એકસાથે અબ્રાહમ એકોર્ડ્સ પર હસ્તાક્ષર કરવા પડશે. ટ્રમ્પે ખાસ કરીને સાઉદી અરબ, કતાર અને પાકિસ્તાનનું નામ લઈને ઈઝરાયેલ સાથે સંબંધો સામાન્ય કરવા પર ભાર મૂક્યો હતો.ટ્રમ્પની આ અપીલ ખાડી દેશો અને ખાસ કરીને સાઉદી અરેબિયાને બિલકુલ પસંદ આવી નથી. આ નિવેદનના થોડા જ કલાકોમાં રિયાધ (સાઉદી સરકાર) તરફથી સંકેત આપવામાં આવ્યો કે સાઉદીનું જૂનું વલણ બદલાયું નથી. સાઉદી અધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે 'જ્યાં સુધી ફિલિસ્તીન રાષ્ટ્રના ગઠન માટે કોઈ 'સ્પષ્ટ રસ્તો' નક્કી નહી થાય, ત્યાં સુધી ઈઝરાયેલ સાથે સામાન્ય સંબંધો શક્ય નથી.'ગાઝા યુદ્ધ પછી બદલાયું પશ્ચિમ એશિયાનું રાજકારણઆ પ્રતિક્રિયા દર્શાવે છે કે ગાઝા યુદ્ધ પછી પશ્ચિમ એશિયાનું રાજકારણ પહેલા જેવું રહ્યું નથી.જૂનો ઈતિહાસ : વર્ષ ૨૦૨૦માં જ્યારે અબ્રાહમ એકોર્ડ્સ થયા હતા, ત્યારે ઘણા આરબ દેશોએ ઈઝરાયેલ સાથે સંબંધો સામાન્ય કર્યા હતા. તે પછીના સમયમાં સાઉદી અરેબિયાએ પણ ઈઝરાયેલ સાથે સંબંધો સ્થાપિત કરવાના પ્રયાસો કર્યા હતા.વર્તમાન સ્થિતિ : આ દરમિયાન ગાઝામાંથી હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો અને એક મોટું યુદ્ધ શરૂ થઈ ગયું. આ જ કારણે સાઉદી-ઈઝરાયેલ વચ્ચે સંબંધો બંધાતા અટકી ગયા. વર્તમાન પરિસ્થિતિ જોતા સાઉદી અરેબિયા હવે કોઈપણ ઉતાવળિયો નિર્ણય લેવાના મૂડમાં નથી.આ વિવાદ માત્ર કૂટનીતિ પૂરતો મર્યાદિત નથી, તેની પાછળ 'હોર્મુઝ સ્ટ્રેટ' (જીંટ્ઠિૈં ક ૐદ્બિેડ) ને લઈને વધતો તણાવ પણ એક મોટું કારણ છે. મે મહિનાની શરૂઆતમાં ટ્રમ્પ વહીવટી તંત્રે હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યાપારી જહાજોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ×પ્રોજેક્ટ ફ્રીડમ× નામનું લશ્કરી મિશન શરૂ કરવાનો પ્રયાસ કર્યો હતો, કારણ કે ત્યાં ઈરાને પોતાની પકડ મજબૂત કરી લીધી છે.અમેરિકાની મોટી ભૂલ અને સાઉદીનો ઝટકોઅમેરિકી વહીવટીતંત્રની સૌથી મોટી ભૂલ એ હતી કે તેણે ખાડી દેશોની સંપૂર્ણ સંમતિ લીધા વિના જ આ ઓપરેશનની જાહેરાત કરી દીધી હતી. આનાથી સાઉદી નેતૃત્વ નારાજ થયું. રિપોર્ટ્સ અનુસાર સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને અમેરિકી સેનાને પોતાના એરસ્પેસ અને લશ્કરી મથકોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો. સાથેજ પ્રિન્સ સુલતાન એરબેઝ પરથી અમેરિકી ફ્લાઈટ્સ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો. પરિણામે અમેરિકી ઓપરેશનને મોટો ઝટકો લાગ્યો અને ×પ્રોજેક્ટ ફ્રીડમ× શરૂ થયાના માત્ર ૩૬ કલાકની અંદર જ ઠપ થઈ ગયું.હવે કેમ વિચારીને પગલાં ભરી રહ્યું છે સાઉદી અરેબિયા?સાઉદી અરેબિયા હવે અમેરિકાની દરેક રણનીતિને આંખ બંધ કરીને સમર્થન આપવા માંગતું નથી, તેની પાછળ કેટલાક કારણો પણ જવાબદાર છે.

## સીઝફાયરનો ભંગ? અમેરિકાનો ૩ દિવસમાં બીજી વખત ઈરાન પર હુમલો, ટ્રમ્પ-હું શાંતિ પ્રસ્તાવથી સંતુષ્ટ નથી



પશ્ચિમ એશિયામાં ફરી એકવાર તણાવ ચરમસીમાએ છે. માત્ર ૩ દિવસના ગાળામાં અમેરિકાએ બીજીવાર ઈરાન પર હુમલા કર્યા છે. આ વખતે અમેરિકાની સેનાએ દક્ષિણ ઈરાનના બંદર અબ્બાસમાં એક ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશનને નિશાન બનાવ્યું છે. આ સ્ટેશન પરથી ડ્રોન ઉડાડવાની તૈયારીઓ ચાલી રહી હતી, જેને અમેરિકાની સેનાએ તોડી પાડ્યા હતા. સીઝફાયરનો ભંગ! શાંતિ વાટાઘાટો પર અસર થશેઅમેરિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ કાર્યવાહી સંપૂર્ણપણે 'આત્મરક્ષા' માટે કરવામાં આવી છે. તેનો હેતુ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજોની સુરક્ષા કરવાનો છે. જોકે, ઈરાન તેને 'સીઝફાયરનું ઉલ્લંઘન' ગણાવી રહ્યું છે. આ હુમલાઓને કારણે પહેલાથી જ અનિશ્ચિત એવી શાંતિ વાર્તા પર ફરી એકવાર સવાલો ઉભા થયા છે.ઈરાનના ડ્રોન પણ તોડી પાડ્યા હુમલાના લક્ષ્યોઃ અમેરિકાએ ઈરાનના મિસાઈલ લોન્ચ સાઈટ્સ અને ડ્રોન કંટ્રોલ સ્ટેશન્સને નિશાન બનાવ્યા છે.ડ્રોનનો ખાતમોઃ અમેરિકાની સેનાએ કુલ ૪ આત્મઘાતી ડ્રોન તોડી પાડ્યા છે, જે દરિયાઈ માર્ગ માટે ખતરો હતા.બંદર અબ્બાસની સ્થિતિઃ ઈરાની મીડિયા અહેવાલો મુજબ, રાત્રે ૧.૩૦ વાગ્યે વિસ્ફોટો થયા હતા, જેના કારણે ત્યાંની એર ડિફેન્સ સિસ્ટમ એક્ટિવ કરવી પડી હતી.ઈરાનના પ્રસ્તાવથી હું સંતુષ્ટ નથીઃ ડોનાલ્ડ ટ્રમ્પઅમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ સ્થિતિ પર સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, હું ઈરાન સાથેના હાલની ડીલના ડ્રાફ્ટથી સંતુષ્ટ નથી. કાં તો કામ પૂરું કરવું પડશે, અથવા તો અમે ફરીથી હુમલા ચાલુ રાખીશું. ઈરાન સંધિ કરવા માટે આતુર દેખાય છે, પરંતુ જ્યાં સુધી પરિણામ નહીં મળે, ત્યાં સુધી લશ્કરી દબાણ ચાલુ રહેશે.

## તંત્રી સ્થાનેથી..

# જૂનમાં રિટેલ ફુગાવો વધી પાંચ ટકા થશે

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો અને સોના અને ચાંદી પર આયાત શુલ્કમાં વધારો જૂન સુધીમાં રિટેલ ફુગાવાને લગભગ ૫% સુધી ધકેલી શકે છે. અર્થશાસ્ત્રીઓ માને છે કે રિઝર્વ બેંક વ્યાજ દરોમાં કોઈપણ ફેરફાર કરતા પહેલા પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે થોભો અને રાહ જુઓનો અભિગમ અપનાવશે.૧૫ મેથી શરૂ થતા ૧૨ દિવસના સમયગાળામાં, પેટ્રોલના અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર નોંધપાત્ર વધારો થયો છે. અર્થશાસ્ત્રીઓના મતે, ઈંધણના ભાવમાં આ વધારો પરિવહન, સંગ્રહ અને થોડા અંશે વીજળી જેવા ક્ષેત્રોમાં ખર્ચમાં વધારો કરીને ફુગાવા પર સીધી અસર કરશે. વધુમાં, સરકારે ૧૩ મેના રોજ સોના અને ચાંદી પર આયાત શુલ્ક વધારીને ૧૫% કરીને કિંમતી ધાતુઓની બિન-આવશ્યક આયાતને રોકવાનો પ્રયાસ કરાયો હતો.અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં સરેરાશ રૂા. ૭.૫ પ્રતિ લિટરનો વધારો રિટેલ ફુગાવામાં લગભગ ૦.૭૫% વધારો કરી શકે છે. રિટેલ ફુગાવો મે ૨૦૨૬માં ૪-૪.૫% અને જૂનમાં ૪.૫-૫% ની રેન્જમાં રહી શકે છે. તેમણે કહ્યું કે ફુગાવામાં આ વધારો ખર્ચ-આધારિત હોવાથી, રેપો રેટમાં ફેરફારની અસર મર્યાદિત હોઈ શકે છે. જો કે, જો ફુગાવો ૫% થી ઉપર વધે છે અને ઉપર તરફ વલણ દર્શાવે છે, તો કેન્દ્રીય બેંક દરમાં વધારો કરી શકે છે.જૂનમાં રિટેલ ફુગાવો ૪% થી ઉપર વધી શકે છે, પરંતુ રિઝર્વ બેંકના ૬% ના ઉચ્ચ-સ્તરના લક્ષ્યાંકમાં રહેવાની શક્યતા છે.

# IIW અમદાવાદ ટીમે જ્ઞાનનું આદાનપ્રદાન કરવા કલ્પતરૂ ખાતે ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી




ગાંધીનગરની કલ્પતરૂ પ્રોજેક્ટસ ઈન્ટરનેશનલ લિમિટેડ કંપનીને ટ્રાન્સમિશન ટાવર મેન્યુફેક્ચરિંગ માટે હાલમાં જ ટીપીએમ એક્સલેન્સ એવોર્ડ જાપાન દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. એની માહિતી લેવા અને જ્ઞાનનું આદાનપ્રદાન કરવા IIW અમદાવાદ ટીમે કલ્પતરૂ કંપનીની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ વેલ્ડિંગ (IIW) દ્વારા કલ્પતરૂની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. આ મુલાકાત દરમિયાન ઉપસ્થિત તમામ મહેમાનો અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ પર કલ્પતરૂની વિશ્વસ્તરીય ઉત્પાદન પદ્ધતિઓ, સુવ્યવસ્થિત પ્લાન્ટ ઓપરેશન, ગુણવત્તા સંસ્કૃતિ, સલામતી ધોરણો અને કલ્પતરૂ ટીમ દ્વારા આપવામાં આવેલ ઉષ્માભર્યા આતિથ્યનો ખૂબ જ સકારાત્મક પ્રભાવ પડ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત સ્વાગત સત્રથી થઈ હતી, તેજસ શાસ્ત્રીએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. ક્વોલિટી હેડ દેવાંગ જાની દ્વારા IIW પ્રતિનિધિ ડૉ. વિશ્વેશ બધેકાને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કે.ડી. ભાવસાર દ્વારા કલ્પતરૂ પ્લાન્ટ અને તેની ઉત્પાદન ક્ષમતાઓ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, જ્યારે સત્વિક ત્રિવેદીએ ૐઇ પહેલ અને કર્મચારી વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી.ॅઉના સેક્રેટરી જિગ્નેશ પટેલેॅઉની પ્રવૃત્તિઓ અને ઉદ્યોગ સંબંધિત માહિતી આપી હતી.

ટેકનિકલ મુલાકાતના ભાગરૂપે શિતાંગ જોશીએ કલ્પતરૂની ઈન-હાઉસ ટેસ્ટિંગ લેબોરેટરીનું પ્રદર્શન કરાવ્યું હતું અને વિવિધ ટેસ્ટિંગ સુવિધાઓ, ગુણવત્તા પદ્ધતિઓ તથા નિરીક્ષણ વ્યવસ્થાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. પ્લાન્ટ મુલાકાત દરમિયાન ટીમ લીડર તરીકે કૃણાલ રાવલ, મિતેશ પટેલ, મયુર પટેલ, ધ્રુવલ પટેલ, વિમલ રાજપૂત તથા સાહિલ મિસ્ત્રીએ મુલાકાતીઓને વિવિધ ઉત્પાદન વિભાગોમાં માર્ગદર્શન આપ્યું હતું અને ઉત્પાદન પ્રક્રિયાઓ અંગે માહિતી આપી હતી. અમિત સુથારે સલામતી સૂચનાઓ આપી અને પ્લાન્ટમાં અનુસરાતી સલામતી પ્રથાઓના મહત્વ વિશે સમજાવ્યું હતું. આ ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું સંપૂર્ણ સંકલન કલ્પતરૂના સંજય થોરાત દ્વારા અત્યંત સુક્ષ્મ આયોજન અને અસરકારક અમલીકરણ સાથે કરવામાં આવ્યું હતું, જેના કારણે કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.ॅઉ તરફથી સંકલનની જવાબદારી મીત પટેલે નિભાવી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કલ્પતરૂ ટીમના વિશાલ ભાવસાર, ધવલ ભટ્ટ, ગૌરાંગ પરમાર અને નરેશ પટેલે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. IIW તરફથી પરેશ વિસાવડિયાએ પણ મહત્વપૂર્ણ સહયોગ અને સંકલન પૂરું પાડ્યું હતું.

કલ્પતરૂ કંપનીના પ્રેસિડેન્ટ કુમારાદેવન અને ડેપ્યુટી પ્રેસિડેન્ટ ધર્મેશ મહંત આ વિઝિટ દરમિયાન ઉપસ્થિત રહી શક્યા નહોતા, પરંતુ શરૂઆતથી જ તેમનું માર્ગદર્શન, પ્રોત્સાહન અને સતત સહયોગ કાર્યક્રમની સફળતા માટે અત્યંત મહત્વપૂર્ણ રહ્યો હતો. કલ્પતરૂ ટીમે તેમના નેતૃત્વ અને પ્રેરણાદાયી સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. મુલાકાતીઓએ કલ્પતરૂની અદ્યતન ઉત્પાદન પદ્ધતિઓ, શિસ્તબદ્ધ કાર્યસંસ્કૃતિ, TPM પહેલ અને ગુણવત્તા તથા ઓપરેશનલ ઉત્તમતા પ્રત્યેની પ્રતિબદ્ધતાની ખૂબ પ્રશંસા કરી હતી. આ મુલાકાતે ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ અને IIW સભ્યો વચ્ચે જ્ઞાન વિનિમય અને ઔદ્યોગિક સહકારને વધુ મજબૂત બનાવ્યો હતો.

## ડમ્પર ચેકિંગ દરમિયાન કાળ આંબી ગયો

# કર્ણાટકના CM સિદ્ધારમૈયાનું રાજીનામું: હવે ડી. કે. શિવકુમારને કમાન સોંપવા નામ પ્રસ્તાવિત





કર્ણાટકના રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા આજે પોતાના પદ પરથી રાજીનામું આપવા જઈ રહ્યા છે, જ્યારે તેમના સ્થાને હવે ડી.કે. શિવકુમાર કર્ણાટકના નવા મુખ્યમંત્રી બનશે. સિદ્ધારમૈયાએ આજે સવારે પોતાના નિવાસસ્થાને કેબિનેટ મંત્રીઓ સાથે બ્રેકફાસ્ટ મીટિંગ યોજીને સરકારના ત્રણ વર્ષના કામકાજનો રિપોર્ટ કાર્ડ રજૂ કર્યો હતો અને તમામ સહયોગીઓનો આભાર માનીને રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી હતી. તેમણે આગામી મુખ્યમંત્રી તરીકે ડી.કે. શિવકુમારના નામનો પ્રસ્તાવ પણ મૂક્યો છે. સિદ્ધારમૈયા આજે બપોરે ૩ વાગ્યે રાજભવન (લોકભવન) પહોંચીને પોતાનું રાજીનામું સોંપશે.શિવકુમારે સીએમના પગે લાગીને લીધા આશીર્વાદઆ બેઠક નિર્ધારિત સમય કરતાં એક કલાક મોડી શરૂ થઈ હતી. ડેપ્યુટી સીએમ ડી. કે. શિવકુમાર દિલ્હીથી સીધા જ એરપોર્ટથી સીએમ આવાસ પહોંચ્યા હતા. સીએમ હાઉસમાં સિદ્ધારામૈયા અને ડી.કે. શિવકુમારે એકબીજાને ગળે લગાવીને પાર્ટીમાં એકતાનો મોટો સંદેશ આપ્યો હતો. આ દરમિયાન શિવકુમારે સિદ્ધારામૈયાના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ પણ લીધા હતા. બેઠકમાં સંતોષ લાડ, બી. સુરેશ, એમ.બી. પાટીલ અને રામલિંગા રેડ્ડી સહિતના તમામ દિગ્ગજ મંત્રીઓ અને ધારાસભ્યો હાજર રહ્યા હતારાજયપાલ બેંગલુરુમાં નથી, તો રાજીનામું કેવી રીતે મંજૂર થશે?સિદ્ધારામૈયા સવારે ૧૧ વાગ્યે રાજભવન જઈને રાજીનામું સોંપવાના હતા, પરંતુ આ દરમિયાન એક નવો વળાંક આવ્યો છે. રાજ્યપાલ થાવરચંદ ગેહલોત પરિવારમાં મેડિકલ ઈમરજન્સીના કારણે અચાનક બેંગલુરુ છોડીને ઈન્દોર રવાના થઈ ગયા છે. રાજ્યપાલની ગેરહાજરીને કારણે થોડીવાર માટે અસમંજસ ઊભી થઈ હતી કે રાજીનામું કોણ સ્વીકારશે?સીએમઓ (ઝર્ં) એ સ્થિતિ સ્પષ્ટ કરીકર્ણાટક મુખ્યમંત્રી કાર્યાલય (ઝર્ં) એ સત્તાવાર પુષ્ટિ કરી છે કે, ×મુખ્યમંત્રી સિદ્ધારામૈયા આજે જ પોતાના પદ પરથી રાજીનામું આપશે. જો રાજયપાલ બેંગલુરુમાં ઉપલબ્ધ નહીં હોય, તો પણ મુખ્યમંત્રીનું રાજીનામું સીધું જ રાજયપાલના કાર્યાલય (રાજભવનના વિશેષ સચિવ) ને સોંપી દેવામાં આવશે.× કોંગ્રેસ હાઈકમાન્ડના આદેશ બાદ હવે સિદ્ધારામૈયા દિલ્હી જશે અને આગામી સમયમાં રાજ્યસભાના સાંસદ બને તેવી પૂરેપૂરી સંભાવના છે. જયારે શુક્રવારે મળનારી વિધાનસભ્ય પક્ષની બેઠકમાં નવા મુખ્યમંત્રી તરીકે ડી.કે. શિવકુમારના નામની સત્તાવાર જાહેરાત થઈ શકે છે.

# કર્ણાટકમાં સત્તા પરિવર્તનના એંધાણ: સિદ્ધારમૈયાના રાજીનામાંની અટકળો તેજ, ધારાસભ્યોમાં દોડધામ



કર્ણાટકની કોંગ્રેસ સરકારમાં ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે. મુખ્યમંત્રી સિદ્ધારામૈયા આજે યોજાનારી બ્રેકફાસ્ટ મીટિંગ બાદ પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરે તેવી પ્રબળ સંભાવના છે. કોંગ્રેસ હાઈકમાન્ડે તેમને મુખ્યમંત્રી પદ છોડીને રાજયસભામાં જવા માટે નિર્દેશ આપ્યા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ સાથે જ શુક્રવારે કોંગ્રેસ વિધાનસભ્ય પક્ષની (ઝન઼) બેઠક મળી શકે છે, જેમાં નવા મુખ્યમંત્રીના નામ પર મહોર મારવામાં આવશે.ડી.કે. શિવકુમાર રેસમાં સૌથી આગળ, ઘરની બહાર સમર્થકોની ભીડનેતૃત્વ પરિવર્તનના અહેવાલો વચ્ચે નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ડી.કે. શિવકુમારના બેંગલુરુ સ્થિત નિવાસસ્થાને વહેલી સવારથી જ સમર્થકો એકઠા થવા લાગ્યા છે. પૂર્વ મેયર આર. સંપથ રાજ સહિતના મોટા નેતાઓ પણ શિવકુમારના ઘરે પહોંચ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે સરકારે અઢી વર્ષ પૂરા કર્યા ત્યારથી જ નેતૃત્વ પરિવર્તનની ચર્ચાઓ ચાલતી હતી અને હવે સરકારે ત્રણ વર્ષ પૂર્ણ કરી લીધા છે ત્યારે આ નિર્ણય લેવાઈ રહ્યો છે. મંગળવારે જ સિદ્ધારામૈયા અને શિવકુમારે દિલ્હીમાં મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સાથે બેઠક કરી હતી.કર્ણાટકમાં સત્તાના આ હસ્તાંતરણને સંભાળવા માટે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના (છૈંઝ્રઝ્ર) કર્ણાટક પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા અને સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ પણ આજે જ બેંગલુરુ પહોંચી રહ્યા છે.રાજયપાલ ઈન્દોર ગયા!સિદ્ધારામૈયા આજે જ રાજ્યપાલને મળીને રાજીનામું સોંપે તેવી ધારણા હતી, પરંતુ આ દરમિયાન એક નવો વળાંક આવ્યો છે. રાજ્યપાલ થાવરચંદ ગેહલોત બુધવારે મોડી રાત્રે અંગત કારણોસર અચાનક ઈન્દોર રવાના થઈ ગયા છે. જોકે, તેઓ આજે જ પરત ફરે તેવી શક્યતા છે. રાજભવનના સૂત્રોના અનુસાર મુખ્યમંત્રીનું રાજીનામું રાજ્યપાલે રૂબરૂમાં જ સ્વીકારવું પડે છે. જો રાજીનામું વિશેષ સચિવને સોંપવામાં આવે, તો પણ તેને મંજૂર કરતા પહેલા રાજ્યપાલ માટે મુખ્યમંત્રીને વ્યક્તિગત રીતે મળવું અનિવાર્ય છે.હવે આખીય કડી આજે બપોર પછી રાજયપાલના બેંગલુરુ પરત ફરવા અને સિદ્ધારામૈયાની જાહેરાત પર ટકેલી છે. શુક્રવારે ઉપરાષ્ટ્રપતિ પણ કર્ણાટક આવી રહ્યા હોવાથી તે પહેલા જ રાજ્યપાલ પરત આવી જશે તેમ માનવામાં આવે છે.

# રાજસ્થાનનું શ્રીગંગાનગર ૪૮.૨ ડિગ્રી સાથે વિશ્વનું સૌથી ગરમ સ્થળ



નવી દિલ્હી : બિહારમાં વાવાઝોડાનો મૃત્યુઆંક વધીને ૧૬ થયો છે. તો બીજી તરફ નાગપુરમાં ગરમીને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૧૭ થઇ ગઇ છે. રાજસ્થાનમાં શ્રીગંગાનગર ૪૮.૨ ડિગ્રી સેલ્સિયસ સાથે વિશ્વનું સૌથી ગરમ શહેર રહ્યું છે. સમગ્ર ઉત્તર ભારતમાં ગરમીનો પ્રકોપ જારી છે. ભારતીયહવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર દક્ષિણ પશ્ચિમ ચોમાસુ અરબ સાગર, લક્ષદ્વીપ અને બંગાળની ખાડીમાં આગળ વધી રહ્યું છે.બુધવારે પણ ઉત્તર ભારતમાં ભીષણ ગરમીનો પ્રકોપ જારી રહ્યો હતો. ભારતીય હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર રાજસ્થાનનાં શ્રીનગરમાં દેશનું સૌથી વધુ તાપમાન ૪૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યં હતુંનાગપુરમાં ૪૬ ડિગ્રી સેલ્સિયસતાપમાન નોંધવામાં આવ્યું હતું. નાગપુરમાં છેલ્લા ત્રણ દિવસમાં ગરમીને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધીને ૧૭ થઇ ગઇ છે. જેમાં બુધવારે રેલવે સ્ટેશન પર મૃત્યુ પામેલા પાંચ લોકો પણ સામેલ છે. આઈએમડીનાં જણાવ્યા અનુસાર ૪૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન હોય ત્યારે હિટવેવ ગણવામાં આવે છે. ૪૭ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન હોય ત્યારે સિવિયર હીટવેવ ગણવામાંઆવેછે.રાજસ્થાનમાં પિલાની ૪૭ ડિગ્રી સે. તાપમાન સાથે બીજું સૌથી ગરમ શહેર રહ્યું હતું. ઉત્તર પ્રદેશનાં બાંદા જિલ્લામાં ૪૭.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. જે રાજ્યનું સૌથી વધારે તાપમાન હતું.દિલ્હી, હરિયાણા અને ચંડીગઢમાં પણ તાપમાન ૪૫ થી ૪૬ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે તાપમાન નોંધવામાં આવ્યું હતું.ભારતીય હવામાન વિભાગનાંજણાવ્યા અનુસાર કેરળમાં ચોમાસું પોતાના નિર્ધારિત સમય ૨૬ મેનાં રોજ પહોંચ્યું નથી. જો કે દક્ષિણ પશ્ચિમ ચોમાસુ અરબ સાગર, લક્ષદ્વીપ અને બંગાળની ખાડીમાં આગળ વધી રહ્યું છેઆઈએમડીએ અંદાજ મૂક્યો હતો કે ૨૬ મેનાં રોજ કેરળમાં ચોમાસાનું આગમન થશે. જો કે તેમાં ચાર દિવસઆગળ કે પાછળ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

# મમતા સામે ફરિયાદ, ટીએમસીના ૧૫ સાંસદોની રાજીનામાની તૈયારી



પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી હાર્યા બાદ મમતા બેનરજીનો પક્ષ તૃણમુલ કોંગ્રેસ તૂટવા લાગ્યો છે. એવા અહેવાલો છે કે ૧૫ જેટલા સાંસદો ટીએમસી છોડી શકે છે. જયારે હાલમાં જ ચૂંટાયેલા ધારાસભ્યોમાં અનેક હવે બળવો કરવાની તૈયારીમાં છે. નંદીગ્રામમાં જે પેટા ચૂંટણી યોજાવાની છે તેના માટે ઉમેદવારો શોધવામાં પણ ટીએમસીને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ૧૫ જેટલા સાંસદો ટીએમસી છોડવાની તૈયારીમાં હોવાના અહેવાલો વચ્ચે જ મમતા બેનરજીના નજીકના ગણાતા લોકસભાના સાંસદ કાકોલી ઘોષે રાજીનામુ આપી પણ દીધુ છે. કાકોલીએ તમામ પદો પરથી રાજીનામુ આપી દીધુ છે. તેઓ વર્ષોથી ટીએમસી સાથે જોડાયેલા રહ્યા અને પક્ષના વરીષ્ઠ નેતામાં સામેલ છે. આ પહેલા તેમને હટાવીને મમતાએ કલ્યાણ બેનરજીને ચીફ વ્હિપની જવાબદારી સોંપી દીધી હતી ત્યારથી કાકોલી નારાજ જોવા મળી રહ્યા હતા. તે સમયે કાકોલીએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે હું ચાર દસકાથી ટીએમસી સાથે જોડાયેલી રહી જેનું આ ઈનામ મને મળ્યું છે. એવામાં અન્ય સાંસદો પણ હવે કાકોલીની જેમ રાજીનામુ આપવાની તૈયારીમાં હોવાના અહેવાલો છે, પક્ષના આશરે ૧૮ જેટલા ટોચના નેતાઓ છે કે જેઓ મમતા બેનરજી અને ટીએમસીથી નારાજ જોવા મળી રહ્યા છે. આ નેતાઓમાં સુખેંદુ શેખ રોય, દેવ અધિકારી, કલ્યાણ બેનરજી, કુણાલ ઘોષ વગેરેનો સમાવેશ થાય છે. આશરે ૧૫ જેટલા સાંસદો ટીએમસી છોડવાની તૈયારીમાં છે અને તેમાંથી મોટાભાગના ભાજપ તરફ વળે તેવા અહેવાલો છે. બંગાળમાં પ્રથમ વખત ભાજપે સરકાર બનાવી છે જે બાદથી તૃણમુલ કોંગ્રેસ તુટવા લાગી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ૧૦૦થી વધુ કાઉન્સિલરો રાજીનામા આપી ચુકયા છે.આ પરિસ્થિતિ વચ્ચે બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને ટીએમસીના વડા મમતા બેનરજીની સામે એફઆઈઆર દાખલકરવામાં આવી છે. સિલિગુડી સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં દાખલ આ ફરિયાદમાં મમતા બેનરજી સામે ધાર્મિક લાગણી દુભાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. વકીલ રિંકી ચટ્ટોપાધ્યાય દ્વારા દાખલ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે મમતાએ બે વખત લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા નિવેદન આપ્યા હતા. જયારે પોલીસે જણાવ્યું હતું કે હાલ આ મામલે ફરિયાદ દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રીનું પદ ગુમાવ્યા બાદ મમતા સામે આ પ્રથમ એફઆઈઆર થઈ છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS 321**
વિષય . "હું "અને "મારું મન"
શબ્દ. ૨૪૦ , પ્રકાર . ગદ્ય
શીર્ષક. "અંતરમન"

ઘણીવાર આપણે લોકોની વચ્ચે એટલા વ્યસ્ત થઈ જઈએ છીએ કે પોતાના મનની અવાજ સાંભળવાનો સમય જ નથી મળતો.
પરંતુ મન ક્યારેય ચૂપ રહેતું નથી,
એ સતત કંઈક કહેવા માંગતું હોય છે.
ક્યારેક એ પ્રેમ માંગે છે,
ક્યારેક થોડોક આરામ,
તો ક્યારેક માત્ર એટલું જ કે ,
“મને સમજવાનો પ્રયત્ન તો કર.”
મન પણ એક નાનકડા બાળક જેવું જ હોય છે,
જો એને વારંવાર અવગણવામાં આવે
તો એ અંદરથી ઉદાસ થઈ જાય છે.
અને જ્યારે માણસ પોતાના મનને દબાવીને જીવવા લાગે,
ત્યારે બહારથી બધું સારું હોવા છતાં
અંદર ખાલીપો અનુભવાય છે.
જીવનમાં દરેક વ્યક્તિ કોઈને કોઈ સામે પોતાને સાબિત કરવામાં લાગેલી છે,
પણ સૌથી જરૂરી છે પોતાની જાત સામે સાચા રહેવું.
કારણ કે માણસ દુનિયાને તો છેતરી શકે,
પણ પોતાના મનને ક્યારેય નહીં.
ક્યારેક રાત્રિના નિશબ્દ સમયે
મન અનેક યાદોના દરવાજા ખોલી દે છે.
કેટલાક પળો હસાવી જાય છે,
તો કેટલાક આંખોને ભીની કરી જાય છે.
પણ એ જ પળોમાં માણસ પોતાને સૌથી નજીક અનુભવે છે.
મન સાથેનો સંબંધ સારો હોય
તો એકાંત પણ સુંદર લાગવા લાગે.
અને જો મન જ અશાંત હોય,
તો ભીડમાં પણ એકલતા અનુભવાય.
આપણે ઘણીવાર બહાર સુખ શોધીએ છીએ,
પરંતુ સાચું સુખ ત્યારે મળે
જ્યારે મન અને આત્મા વચ્ચે શાંતિ જોનો સંબંધ બંધાય.
જે વ્યક્તિ પોતાના મનને જીતે છે,
એ જીવનની અડધી લડાઈ જીતી જાય છે.
“હું અને મારું મન”
એ માત્ર શબ્દો નથી,
એ જીવનનો એવો અહેસાસ છે
જે માણસને અંદરથી મજબૂત બનાવે છે,
પોતાને સમજવાનું શીખવે છે
અને અંતે સાચી શાંતિ સુધી પહોંચાડે છે.

??? સૂચિત રાવલ
ગાંધીનગર

★★★★★★

**NOG SS NO 223.**
વિષય: "હું અને મારું મન"
શીર્ષક: હું અને મન, ચિંતન અને દર્શન.
પ્રકાર: પદ્ય
શબ્દ સંખ્યા: ૧૧૫.

હું એટલે જ અહમ્,
અહંકાર શાન્તજ્ઞાન થતાં થતાં જ આત્મબ્રહ્મ સ્વરૂપ.
છે ચતુર્થ અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર પ્રકાર..
મન ઈતિ મનુષ્ય ઈતર જળચર, સ્થળચર, ખેચર પ્રકૃતિ સમસ્ત,
મન જ બંધન, મુક્તિ મોક્ષ કારણ, મન જીતે જીત,
હારે હાર થી ત્રસ્ત.
સંસાર સાગરે સરતો રહી, મન રાખો માધવ મહી
કહે ગીતા જ્ઞાન,
શરીર શક્તિ, ધન શક્તિ, રાજસત્તા શક્તિ, શ્રેષ્ઠ છે એક મન શક્તિ.
નારદે મંત્રે, વાલી એ મન લગાવી રચ્યો’ મરા મરા’,
પાયો ’રામ રામ’!
રાસલીલામાં ગોપી કહે
એક જ મન હરિ હરિ
પછી પાયો શ્યામ.
મન રૂપાંતરિત ચિત્ત ચૈતન્ય તદરૂપ પછી તો બ્રહ્મ
લટકા કરે બ્રહ્મ પાસે.
શરીર-મન, નામ રૂપ છે દ્વૈત, પ્રગટે આત્મદર્શન સદા
અખંડ અદ્વૈત.
મનડાને જાણ્યાં વિના રે, આત્માને ઓળખ્યા વિના રે,
આ લખચોરાશીનાં ફેરા
નહીં ટળે, અંદર કરો દર્શન શાશ્વત સનાતન જે રહે છે.

-દેવેન્દ્ર આચાર્ય
અમદાવાદ, ગુજરાત.

★★★★★★

**NOG SS No.343**
વિષય:- હું અને મારું મન
શીર્ષક:- અતૃપ્ત મન
પ્રકાર:- પધ
શબ્દો:- ૯૫

સોનેરી સ્વપ્નો જોતા વિચારે જુદું જુદું મન
પૂરા થાય નહી અરમાન ત્યારે બીમાર પડે તન.
મહેનત કરી જીવન માં દોડે રાત-દિન કમાવા ધન,
માયા મોહ આશા આકાંક્ષામાં સંતોષ વિના ભટકે સૌ જન.
આશા ઈચ્છાઓનો પૂર્ણ કરવાં દોડે સામે પવન ,
દોડતો રહે રણમાં મૃગજળની જેમ આખું જીવન,
અંતે થાકી જાય તન પળભર કરે નહીં કઈ મનન,
ચિંતામાં લાખો કમાઈ ખાય નહીં પૂરતું જીવન જરૂરી અન્ન,
ધૈર્ય ધીરજ રાખે નહીં માનવનું મૂંઝાય અતૃપ્ત મન,
જીવનમાં સંતોષ ભૂલી શાંતિથી જીવો એ સમજે નહિ માનવ,
વૈભવ પાછળ દોડે રોજ બરોજ સમજે નહી જગમાં અતૃપ્ત જન,
’ચંદ્ર’ સૂર્ય નીજ સ્વાર્થ વિના નિરંતર જગને સંતોષ સંપન્નથી કરે રોશન.

’ચંદ્ર’ કાન્ત હરીલાલ માઢક (રાજકોટ)

★★★★★★

**N. O. G. S. S. No 0102.**
શીર્ષક:-હું અને મારું મન.
પ્રકાર:- ગદ્ય. શબ્દ:-૨૮૫.

હું અને મારું મન બંને એક જ છીએ પરંતુ ક્યારેક ક્યારેક બંને વચ્ચે સંઘર્ષ થઈ જાય, ક્યારેક હું કહું અને મન જુદું કહે, ક્યારેક મન કહે અને હું જુદુ કરું આવા વાદ વિવાદ ક્યારેક ચાલ્યા રાખે પરંતુ અંતે તો મનનો જ વિજય થાય છે.

આપણું મન હંમેશા આપણી સાચી વાત જ કહે છે. તે કદી ખોટું સ્વીકાર કરતું નથી.મનહંમેશાસાચું ,નૈતિતાપૂર્ણ,ન્યાયપૂર્ણ,સદભાવનાપૂર્વક ,વર્તન કરો તેવું હંમેશા મને કહે છે અને હું પણ તે જ પ્રમાણે કરું છું, જેથી સમાજ અને અન્ય વ્યક્તિઓ સાથે સારા સંબંધો જળવાઈ રહે છે.

ક્યારેક તબિયતને કારણે ખાવા પીવાનું જુદા જુદા પ્રકારનું મન થાય ત્યારે પણ હું મારા મનનું કહ્યું માનું છું અને તબિયતને નુકસાન થાય તેવું મન હોવા છતાં પણ કંઈ ખાતો પીતો નથી તેથી તંદુરસ્તી પણ જળવાઈ રહે છે.

જેવો પોતાના મનની સાચી વાતને ધ્યાનમાં રાખી અને પોતાનું વર્તન
વ્યવસ્થિત રીતે કરે છે તેને લગભગ કોઈ મુશ્કરી પડતી નથી, પરંતુ ક્યારેક હું પદ અને મનની વચ્ચે ટકરાઓ થઈ જાય છે હું કંઈક જુદું કહું ત્યારે મન મને રોકે અને છતાં પણ હું જો કોઈ એવું કૃત્ય કરું તો તેનાથી નુકસાન થવાને પણ સંભાવના વધી જાય છે.

મન માનવીનો અરીસો છે અને હંમેશા તે સાચું પ્રતિબિંબ જ રજૂ કરે છે. જો મનના મકક્મ હોય તો આપણા દરેક કર્તવ્ય પણ મક્કમતાથી થયા રાખે છે અને જીવનની કોઈ ખાસ મુશ્કેલી આવતી નથી.

ઘણા લોકો પોતાનું મનનું માનતા નથી અને હું કરું હું કરું એવી રીતે મન મારી અને મનની ઈચ્છા વિરુદ્ધ કૃત્ય કરે છે તો તેવા લોકોને પણ સાચા ખોટાની સાજા ભોગવવાનો વારો પણ આવે છે, માટે હું અને મારું મન બંને એક રહે તેવી આપણે ઈચ્છા રાખીએ મન જે પ્રમાણે કહે એ પ્રમાણે સારું કાર્ય કરી જીવનમાં ઉમદા નામ કમાયીએ એ જ માનવીનો ધર્મ છે.

રતીલાલ વાયડા (રોડાપાલી્ નવી મુંબઈ.)

# રેકોર્ડ નહીં IPLની ટ્રોફી જીતવી છે...: ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી સેન્ચુરી ચૂક્યો પણ લોકોના દિલ જીત્યા




ઈન્ડિયન પ્રીમિયર લીગ (ૈંન) ૨૦૨૬ની એલિમિનેટર મેચમાં રાજસ્થાન રોયલ્સે (ઇઇ) સનરાઈઝર્સ હૈદરાબાદને એકતરફી મુકાબલામાં હરાવીને ક્વોલિફાયર-૨ માં જગ્યા બનાવી લીધી છે. મુલ્લાંપુરના મેદાન પર રમાયેલી આ મેચમાં રાજસ્થાને મેળવેલી ભવ્ય જીત બાદ હવે આગામી મેચ માટે ગુજરાત ટાઈટન્સ (ૅ) માટે પણ જોખમની ઘંટી વાગી ગઈ છે. રાજસ્થાન રોયલ્સ હવે શુક્રવારે (૨૯ મે) ના રોજ આ જ મેચ ગ્રાઉન્ડ પર ગુજરાત ટાઈટન્સ સામે ટકરાશે. આ મેચ જીતનારી ટીમ ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (ઇઝ્રમ) સામે ટાઈટલ માટે જંગ ખેલશે૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીએ મચાવી તબાહીઃ ૨૯ બોલમાં ૯૭ રન!રાજસ્થાનની આ વિસ્ફોટક જીતનો સૌથી મોટો હીરો ૧૫ વર્ષનો યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી રહ્યો. વૈભવે હૈદરાબાદના બોલરોની લાઈન-લેન્થ બગાડતા માત્ર ૨૯ બોલમાં ૯૭ રનની તોફાની ઈનિંગ રમીને મેચનું પાસું સંપૂર્ણપણે પલટી નાખ્યું હતું. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.સેન્ચુરી ચૂકી જવા પર વૈભવે આપ્યો દિલ જીતી લે તેવો જવાબૈં- ઈતિહાસની સૌથી ફાસ્ટેસ્ટ સેન્ચુરી (સૌથી ઝડપી સદી) ચૂકવા અંગે જ્યારે વૈભવને પૂછવામાં આવ્યું ત્યારે તેણે પરિપક્વતા બતાવતા કહ્યું કે, હું જ્યારે આઉટ થઈને પેવેલિયન પરત ફર્યો ત્યારે મને ખબર પડી કે હું કોઈ રેકોર્ડની નજીક હતો. મારો ફોકસ કોઈ વ્યક્તિગત રેકોર્ડ પર નથી, પરંતુ ટીમ માટે વધુમાં વધુ યોગદાન આપવા પર હતો. સદી તો ભવિષ્યમાં પણ બનશે, પરંતુ અત્યારે અમારો એકમાત્ર ટાર્ગેટૈં-ટ્રોફી જીતવાનો છે. વૈભવે ઉમેર્યું કે, તે વિરોધી ટીમની રણનીતિ પર વધારે ધ્યાન નથી આપતો. તે મેચ પહેલા માત્ર બોલર્સ, વિકેટનું વલણ અને બાઉન્ડ્રીની સાઈઝ સમજી લે છે. જો બેટ્સમેન પોઝિટિવ માઈન્ડસેટ સાથે રમે, તો પ્રેશર આપોઆપ બોલરો પર આવી જાય છેગુજરાત ટાઈટન્સ માટે કેમ વધી ચિંતારાજસ્થાન રોયલ્સ માટે સૌથી મોટી રાહતના સમાચાર એ છે કે ટીમ અત્યારે સુપર ફોર્મમાં જોવા મળી રહી છે. વૈભવ સૂર્યવંશી, ધ્રુવ જુરેલ અને યશસ્વી જયસ્વાલ જેવા યુવા ખેલાડીઓ શાનદાર ફોર્મમાં છે. આ ઉપરાંત જોફ્રા આર્ચરની ઘાતક સ્પીડ વિરોધી ટીમો માટે સતત મુશ્કેલીઓ ઊભી કરી રહી છે. ક્વોલિફાયર-૨ ની મેચ પણ મુલ્લાંપુરના આ જ મેદાન પર રમવાની હોવાથી રાજસ્થાન અહીંની પિચ અને પરિસ્થિતિઓથી હવે સંપૂર્ણ વાકેફ થઈ ચૂક્યું છે. ક્રિકેટ ફેન્સ આશા રાખી રહ્યા છે કે શુક્રવારે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે ફાઈનલની ટિકિટ મેળવવા માટે કાંટાની ટક્કર જોવા મળશે.

# યુદ્ધ ઈફેક્ટ : પ્રધાનમંત્રીના સૂચન ઓન લાઈન ક્લાસીસ ચલાવવા વિચારણા, વેકેશન લંબાવવા માગ



પ્રધાનમંત્રીના સૂચન ઓન લાઈન ક્લાસીસ ચલાવવા વિચારણા, વેકેશન લંબાવવા માગ ૧ -ૈદ્બક્ર્ત્નીહાલમાં ઈરાન અને ઈઝરાયેલ અમેરિકા વચ્ચેના ચાલતા યુદ્ધને કારણે ઇંધણની સર્જાનારી અછતના કારણે આગામી દિવસોમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. ત્યારે વડોદરા વાલી મંડળની યોજાનારી બેઠકમાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન શિક્ષણ બાબતે વિચારણા થઈ શકે છેઆગામી દિવસોમાં સંકલનની બેઠક મળશે. એમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ અંગે સઘન ચર્ચા વિચારણાથવાની શક્યતા નકારી શકાતી નથી. હાલમાં ખાડી દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ઇંધણની કટોકટી સર્જાઇ રહી છે ત્યારે વડાપ્રધાન મોદીએ પેટ્રોલ ડીઝલ બચાવવા સહિત ‘વર્ક ફ્રોમ હોમ‘ અને ઓન લાઈન ક્લાસની પણ અપીલ કરી હતી. જેમાં વડોદરા વાલી મંડળ મદદરૂપ થવા તૈયાર થઈ શકે છે. વડોદરાની તમામ શાળાઓ માલ્ટ બોર્ડ અને શિક્ષકોની એઆઈ ટ્રેનીગ ખાસ મદદરૂપ બની શકે છે. મોટાભાગના તમામ શિક્ષકોએ એઆઈની ટ્રેનીંગ લીધી છે. પરિણામે તમામ શિક્ષકો વિદ્યાર્થીઓને સારી રીતે શિક્ષણ આપી શકશે. જેથી વિદ્યાર્થીઓને અભ્યાસ બાબતે પૂરતો ન્યાય મળી શકશે. જો તમામ શાળા સંચાલક મંડળો વિદ્યાર્થીઓની ફી ઘટાડવા સહિત વિદ્યાર્થીઓની આવન જાવાનના વાહનો રીક્ષા અને વાન દ્વારા ભાવ ઘટાડા અંગે સહમત થાય એ પણ જરૂરી બનશે. જો કે શહેર વાલી મંડળમાં અન્ય વાલી મંડળો પણ સમાયેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં ઉનાળાની અસહય ગરમીમાં વડોદરા સહિત રાજયની શાળાઓમાં વેકેશન વધુ ૧૦ દિવસ લંબાવવાની પણ માગ થઈ છે.

# પેપર લીક થાય પણ મેયરના નામ નહીં...’, સુરત ભાજપમાં પેચ ફસાતાં સોશિયલ મીડિયામાં ટ્રોલિંગ




સુરત મહાનગરપાલિકાના નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના (સ્ટેન્ડિંગ કમિટી) અધ્યક્ષની નિમણૂકને લઈને સ્થાનિક રાજકારણમાં ભારે ઉત્સુકતા અને ઉચાટનો માહોલ જોવા મળ્યો છે. પ્રદેશ ભાજપ નેતાગીરી તરફથી મોકલાવવામાં આવનાર મેન્ડેટમાં કયા નામો હશે, તેની જાહેરાત અંતિમ ક્ષણ સુધી ન થતાં દાવેદારો અને તેમના સમર્થકો આખો દિવસ ફોન અને મેસેજીસ પર નજર રાખીને બેઠા રહ્યા હતા. જોકે, ભાજપ સંગઠન દ્વારા જાળવવામાં આવેલી આ ચુસ્ત ગુપ્તતાની વચ્ચે સોશિયલ મીડિયા પર જનતાએ આકરા વ્યંગ અને કટાક્ષ શરૂ કર્યા છે.શહેર ભાજપના નેતાઓમાં કોના ભાગ્યે કયો હોદ્દો આવશે તેની અટકળો ચાલી રહી હતી, ત્યારે બીજી તરફ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર યુઝર્સે ભાજપની આ આંતરિક ગુપ્તતાની સરખામણી દ્બઈઈ્ પરીક્ષાના પેપર લીક કાંડ સાથે કરીને તીખી ટિપ્પણીઓ કરી છે.પેપર લીક થાય, નામ નહીં:

# ઈબોલા વાયરસના સંભવિત આક્રમણ સામે જામનગરનું આરોગ્ય તંત્ર એલર્ટ : શુક્રવારે આગોતરા આયોજન માટે બેઠક યોજાશે

આફ્રિકા ખંડમાં ઈબોલા વાઈરસ જીવલેણ ચેપજન્ય બિમારી એ દેખા દીધા છે. આ રોગના લક્ષણો ધરાવતા અમુક દર્દીઓ નોંધાતા સરકાર સતર્ક બની છે. જેના અનુસંધાને જામનગરમાં પણ આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે અને આગામી શુક્રવારે જરૂરી બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.ભારતમાં ઈબોલાને ફેલાતો અટકાવવા સરકારે અલગ-અલગ પ્રકારના પગલા લીધા છે. જે એરલાયન્સ આફ્રિકાના ઈબોલાના હોટઝોનથી લોકોને ભારત લાવી રહી છે, તેમને હવે સુનિશ્ચિત કરવું પડશે કે આવા યાત્રિકો ભારત પહોંચતા પહેલા સેલ્ફ ડિકલેરેશન ફોર્મ ભરશે. સાથે જ હોટ સ્પોર્ટથી આવનાર યાત્રિકોને થયેલ સ્ક્રીનીંગ થશે. અમદાવાદમાં ૧૧ જેટલા શંકાસ્પદ દર્દીઓને અલગ રાખવામાં આવ્યા છે.અચાનક તાવ આવવા, માથાનો દુઃખાવો થાય, શરીરમાં દુઃખાવો અને નબળાઈ રહે, ગળામાં દુઃખાવો, ઉલટી, અમુક કેસમાં રક્તસ્ત્રાવ થાય તે ઈબોલાના મુખ્ય લક્ષણો છે. આ ગંભીર રોગ છે એન યોગ્ય સમયસરની સારવારના અભાવે જીવલેણ સાબિત થઈ શકે છે. આ રોગ સામે સરકારી તંત્ર સતર્ક બન્યું છે. જામનગરમાં પણ સરકારી જી.જી. હોસ્પિટલમાં તબીબી અધિક્ષક ડો.વિજય પોપટની ઉપસ્થિતિમાં આગામી શુક્રવારે બેઠક યોજવામાં આવી છે. જેમાં મેડિસીન વિભાગના હેડ તબીબો, સીડીએચઓ, એમઓએચ સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ, તબીબો જોડાશે અને જામનગરમાં શું સાવચેતી રાખવી તે અંગે જરૂરી પગલાં લેવા માટેની ચર્ચા થઈ શકે છે. ખાસ કરીને જરૂર પડે તો જામનગરની જી.જી.હોસ્પિટલમાં સારવાર તથા દવાની સ્થિતિ સહિતની માટે ચર્ચા થશે તેમ જાણવા મળે છે.

# ’બહાર નીકળો નહીંતર લાશો પડી જશે’, અમદાવાદમાં જમીન વિવાદમાં નિવૃત્ત DySPએ ૫ રાઉન્ડ ફાયરિંગ કય




અમદાવાદ નેહરુનગર વિસ્તારમાં બુધવારે જમીનના વિવાદને પગલે એક નિવૃત્ત ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ (ઢઅજી) દ્વારા હવામાં ફાયરિંગ કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી વ્યાપી ગઈ હતી. બે જૂથો વચ્ચે ચાલી રહેલા જમીન સંબંધી વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આ ઘટના ઘટી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છેએક પછી એક એમ પાંચ રાઉન્ડ ફાયર કયાપોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વિવાદિત જમીન પર બંને પક્ષોના આશરે પાંચથી છ લોકો સામસામે આવી ગયા હતા. આ દરમિયાન બંને જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણ થયું હતું. આ વિવાદ એટલો વધી ગયો કે ત્યાં હાજર નિવૃત્ત ઢઅજીૅ અશ્વિન ચૌહાણે પોતાની પિસ્તોલ કાઢીને હવામાં એક પછી એક એમ પાંચ રાઉન્ડ ( બે રાઉન્ડ નીચે જમીનમાં અને ત્રણ રાઉન્ડ ઉપર હવામાં) ફાયરિંગ કરી દીધું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે કોઈને ગંભીર ઈજા થઈ નથી.અહી થી બહાર નીકળો નહીતર લાશો પડી જશે ‘ઘટનાનો વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે, જેમાં નિવૃત્ત ઢઅજીૅ અશ્વિન ચૌહાણ કહી રહ્યા છે કે મારી મંજૂરી વગર આ પ્રોપર્ટીમાં તમે પગ કેવી રીતે મૂક્યો, બહાર નીકળો નહીતર લાશો પડી જશે, કોર્ટમાં મળીશું, તેમ કહી એક બાદ એક રાઉન્ડ હવામાં ફાયરિંગ કરે છે.અંદાજે ૧૦ જેટલા લોકોને પૂછપરછઅમદાવાદ શહેરની વચ્ચે ધોળે દિવસે ફાયરિંગની ઘટના બનતા જ આસપાસના લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટના અંગે કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતા જ સેટેલાઇટ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે બંને પક્ષના અંદાજે ૧૦ જેટલા લોકોને પૂછપરછ માટે કસ્ટડીમાં લઈ પોલીસ સ્ટેશન ભેગા કર્યા હતા.નિવૃત્ત ડીવાયએસપી સામે આ ફાયરિંગ કરવા બદલ સેટેલાઇટ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જેમાં ફાયરિંગ માટે વપરાયેલી પિસ્તોલને કબજે કરવામાં આવી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાલ બંને પક્ષોના નિવેદનો નોંધવાની પ્રક્રિયા ચાલી રહી છે અને ઘટનાની સત્યતા તપાસવા માટે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે. આ જમીનની માલિકી અને કબજા અંગેના વિવાદની ઉંડાણપૂર્વક તપાસ ચાલુ છે.

# ગુજરાતના ૧૨ જિલ્લામાં ૪ દિવસ વરસાદ અને વાવાઝોડું: ૪૦થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની ગતિથી પવન ફૂંકાશે



ગુજરાતમાં હાલ આગ ઓંકતી ગરમી વચ્ચે આગામી દિવસોમાં વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત તથા ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. જોકે ગ્લોબલ વૉર્મિંગને કારણે છેલ્લા કેટલાય સમયથી મે મહિનાના અંતિમ અઠવાડિયા સમયે ગુજરાતમાં વરસાદ તેમજ વાવાઝોડાની સ્થિતિ સર્જાય છે.૪૪ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર બીજા દિવસે પણ હોટેસ્ટ, ૪૩.૬ ડિગ્રી તાપમાન સાથે અમદાવાદ બીજા ક્રમગરમીનો પ્રકોપ યથાવત હોય તેમ ૪૪ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર સતત બીજા દિવસે રાજયનું સૌથી હોટેસ્ટ સિટી રહ્યું હતું. ત્યારે ઉનાળાના આકરા તાપની વચ્ચે હવામાનમાં ફેરફાર થવાની શક્યતા નથી. ત્યારબાદ તાપમાનમાં ક્રમશઃ ઘટાડો થવાની સંભાવના છે. જોકે હજુ પણ રાજયના કેટલાક વિસ્તારમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર રહેવાનો છે. વાવાઝોડાની સ્થિતિ જોવા મળશે. હાલમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં આગળ વધી રહ્યું છે. જેની અસર હેઠળ વાતાવરણમાં વાવાઝોડાની સ્થિતિ જોવા મળશેકઈ તારીખે કયા વિસ્તારમાં વરસાદની આગાહી:૩૦ મે: બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, કચ્છ૩૧ મે: બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, કચ્છ૧ જૂન: પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, અમરેલી, ભાવનગર જૂન: પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, અમરેલી, ભાવનગરવિભાગ દ્વારા આગામી દિવસો માટે મહત્ત્વની આગાહી કરવામાં આવી છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં આગામી ૪૮ કલાક સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. આ પલટો સંભવિત છે. આગામી દિવસોમાં વરસાદ સમયે ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. બીજી તરફ અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા તેમજ સુરેન્દ્રનગર વિસ્તારમાં ૨૮ મેના રોજ ગરમ અને ભેજવાળા વાતાવરણને કારણે રહેશોનો અકળામણનો અનુભવ થઈ શકે છે.

# મહિલાએ હપ્તે મોબાઈલ લીધો દસ્તાવેજનો ખોટો ઉપયોગ કરી રૂા. ૨.૨૧ લાખની લોન લીધી




કાલુપુરમાં રહેતી મહિલાને લોન ઉપર મોબાઈલ ખરીદવાનો ભારે પડયો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં દુકાનદાર અને તેના સાગરીતે મહિલાને હપ્તે ફોન અપાવ્યો હતો, ત્યારબાદ તેમના દસ્તાવેજનો ખોટો ઉપયોગ કરીને મહિલાના નામે રૂા.૨.૨૧ લાખની લોન લીધી હતી ૨૪ મહિના લેખે દર મહિને રૂા.૯,૨૩૫ હપ્તો આવતાં ખાતું ખાલી થઇ ગયું હતું. આરોપીએ લોન ભરવાની વાત કરી હતી પરંતુ બે વર્ષ સુધી લોન ન ભરીને છેતરપીડી કરી હતી. આ બનાવ અંગે રખિયાલ પોલીસે બે જણા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છેરખિયાલ પોલીસે ગુનો નોંધ્યાકાલુપુરમાં રહેતી મહિલાએ રખિયાલ પોલીસ સ્ટેશનમાં શાહપુરમાં રહેતા શૈલેષભાઇ તથા રખિયાલમાં રહેતા વસીમભાઇ સામે ફરિયાદ નોંધાવી છે કે ૨૦૨૪માં માં કાર્ડ બનાવવાનું હોય તે પોતાના પરિચીત મારફતે શૈલેષભાઇને સંપર્ક કરતા તેઓએ આ કાર્ડ બનાવી આપ્યું હતું.બીજીતરફ હપ્તેથી મોબાઇલની ખરીદી કરવા માટે આ વ્યકિતએ હા પાડતાં રખિયાલમાં મોબાઇલની દુકાનમાંથી તેઓએ મહિલાને હપ્તે ફોન અપાવ્યો હતો ત્યારબાદ તેમના દસ્તાવેજનો ખોટો ઉપયોગ કરીને મહિલાના નામે રૂા.૨.૨૧ લાખની લોન લીધી હતી ૨૪ મહિના લેખે દર મહિને રૂા.૯,૨૩૫ હપ્તો આવતાં ખાતું ખાલી થઇ ગયું હતું. આરોપીએ લોન ભરવાની વાત કરી હતી પરંતુ બે વર્ષ સુધી લોન ન ભરીને છેતરપીડી કરી હતી.

# ગુજરાતમાં અસહ્ય ગરમીના કારણે લંબાશે ઉનાળુ વેકેશન? શાળા સંચાલકોની સરકારને ખાસ માંગણી!




ગુજરાતમાં અસહ્ય ગરમી અને હિટવેવનો પ્રકોપ વધ્યો છે. અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૦થી ૪૪ ડિગ્રી આસપાસ પહોંચી જતાં સ્કૂલોમાં ઉનાળુ વેકેશન લંબાવવાની માંગ ઉઠી છે. આ અંગે શાળા સંચાલક મહામંડળે સરકારને રજૂઆત કરીને વેકેશન વધુ ૧૦ દિવસ લંબાવવા અપીલ કરી છેવેકેશન ૧૦ દિવસ લંબાવવા માંગઃ ૧૮ જૂનથી સ્કૂલો શરૂ કરવા રજૂઆગુજરાત શિક્ષણ બોર્ડ અને પ્રાથમિક શિક્ષણ વિભાગના એકેડેમિક કેલેન્ડર મુજબ ધો. ૧થી ૮ની અને ધો. ૯થી ૧૨ની સ્કૂલોમાં ૭મી જૂન સુધી ઉનાળુ વેકેશન છે. ૮મી જૂનથી ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની તમામ સ્કૂલોમાં ૯૦ લાખથી વધુ બાળકો માટે નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. પરંતુ ગુજરાતમાં ગરમીનું પ્રમાણ ખૂબ જ વધુ હોય અને અસહ્ય તાપ સાથે હિટવેવ પણ હોવાથી ઉનાળુ વેકેશન લંબાવવા માટે માંગણી કરવામાં આવી છે. બપોરના સમયે ખૂબ જ આકરો તાપ અને ગરમી હોઈ બપોરની પાળીમાં ચાલતી સ્કૂલોમાં જતા બાળકો તેમજ વાલીઓ હેરાન થાય તેમ છેશાળા સંચાલક મહામંડળે સરકારને રજૂઆત કરી છે કે સ્કૂલોમાં ઉનાળુ વેકેશન ૧૦ દિવસ માટે લંબાવવામાં આવે એટલે કે ૧૮ જૂનથી સ્કૂલો શરૂ કરવામાં આવે. આ ઉપરાંત અમેરિકા-ઈરાન યુદ્ધની સ્થિતિમાં પેટ્રોલ-ડિઝલની અછત વચ્ચે વડાપ્રધાને જ્યાં ઓનલાઈન શિક્ષણનું પણ સૂચન કર્યું હોઈ સ્કૂલોમાં ઓનલાઈન શિક્ષણ માટે સંચાલક મંડળે સહમતી દર્શાવી છે. કારણકે પેટ્રોલ-ડીઝલના અને સીએનજીના ભાવ વધવા સાથે સ્કૂલ વેન-સ્કૂલ રીક્ષા ચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા છે. જો કે સરકાર દ્વારા હજુ સુધી ઓનલાઈન શિક્ષણ માટે કોઈ નિર્ણય લેવાયો નથી કે કોઈ પ્રકારની જાહેરાત કરાઈ નથી.

# હવાઈ મુસાફરો સાવધાન! આગામી ૩ મહિના માટે અમદાવાદની અનેક ફ્લાઈટ રદ, જાણો વિગત




ઓપરેશનલ મુશ્કેલીઓ, ઈંધણ (ફ્યુલ)ના સતત વધતા ભાવ અને એરસ્પેસની સમસ્યાઓને કારણે એર ઇન્ડિયાએ મોટો નિર્ણય લીધો છે. આગામી ત્રણ મહિના માટે અમદાવાદ ઍરપૉર્ટથી ઊડતી કેટલીક ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ ફ્લાઇટ્સને સંપૂર્ણપણે રદ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, અન્ય કેટલાક રૂટ પર ફ્લાઇટ્સના ફેરા ઘટાડીને તેના સમયમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.૩ મહિના ફ્લાઇટ્સ રદઃ જૂનથી ઓગસ્ટ સુધી એર ઇન્ડિયાનો મોટો નિર્ણયએર ઇન્ડિયાએ જૂનથી ઓગસ્ટ મહિના દરમિયાન અમદાવાદ ઍરપૉર્ટથી દોડતી દિલ્હી, મુંબઈ અને લંડન સહિતના ડોમેસ્ટિક તેમજ ઇન્ટરનેશનલ રૂટની કેટલીક ફ્લાઇટ્સ સંપૂર્ણપણે રદ કરી દીધી છે. આ સિવાય, કેટલીક ફ્લાઇટ્સના ફેરા (ફ્રીક્વન્સી) ઘટાડીને તેના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. એરલાઇન્સના આ આંચકાજનક નિર્ણયના કારણે અમદાવાદથી દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને હૈદરાબાદ જેવા મોટા શહેરોમાં નિયમિત મુસાફરી કરતા લોકોની ચિંતા અને મુશ્કેલીઓ બંને વધી જશે.હજુ પણ ફ્લાઇટ્સ રદ થવાની આશંકાઃ એર ઇન્ડિયા આપી શકે છે વધુ ઝટકાઆ ઉપરાંત, ઓગસ્ટ મહિનાની કેટલીક તારીખોમાં અમદાવાદથી લંડન (ગેટવિક) વચ્ચેની સીધી ફ્લાઇટ પણ કેન્સલ કરી દેવામાં આવી છે. આ નિર્ણયના કારણે જે મુસાફરોએ ૨-૪ મહિના પહેલાંથી જ એડવાન્સ બુકિંગ કરાવી રાખ્યું હતું, તેમની મુશ્કેલીઓ ખૂબ વધી જશે. હવે તેમને છેલ્લી ઘડીએ મોંઘા ભાવે નવી ટિકિટો ખરીદવી પડશે. હજુ પણ આગામી સમયમાં વધુ ફ્લાઇટ્સ રદ થાય તેવી પૂરેપૂરી શક્યતા છે, તેથી મુસાફરોને નિયમિતપણે ઇન્ટરનેશનલ કે ડોમેસ્ટિક ફ્લાઇટનું સ્ટેટસ ઓનલાઇન ચેક કરતા રહેવાની સલાહ આપવામાં આવી છે.

# મોબાઈલમાં ઓટીપી આવ્યા બાદ ૧૪ મેસેજ આવેલા ૪ લાખ ઓનલાઈન ફ્રોડ




મણિનગરમાં વેપારીના ખાતામાંથી સાયબર ગઠિયાએ બોરાબોર રૂપિયા ઉપાડી લીધામણિનગર પોલીસે છેતરપીંડીનો ગુનો નોંધી તપાસ શરુ કરીમોબાઇલમાં ઓટીપી આવ્યા બાદ ૧૪ મેસેજ આવેલા ૪ લાખ ઓનલાઇન ફ્રોડ અમદાવાદ,બુધવારદિન પ્રતિદિન સાયબર ગઠિયા અવનવી યુક્તિઓ અપનાવીને લોકો સાથે લાખો રૂપિયાની ઠગાઇ કરી રહ્યા છે. મણિનગરમાં વેપારીના મોબાઇલમાં ઓટીપી મેસેજ આવ્યો હતો ચેક કરતાં ૧૪ મેસેજ આવેલા હતા અને તેમના તથા તેમની પુત્રીના બેન્ક ખાતામાંથી ચાર લાખનો ઓન લાઇન ફ્રોડ થયેલો હતો. મોબાઇલ ચેક કરતાં ફોન ફોરવડીગ થઇ ગયેલો હતો. આ બનાવ અંગે મણિનગર પોલીસે છેતરપીડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છૅ આવ્યો, પછી ફોન ચેક કરતા ફોર્વડિંગથઈગયોમણિનગરમાં રહેતા યુવકે મણિનગર પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે કે ગત તા.૨૬-૧૧-૨૦૨૫ના રોજ ફેકટરી ઓફિસે હાજર હતા ત્યારે ફોનમાં ઓટીપી મેસેજ આવેલો જોયો હતો. ત્યારબાદ મોબાઇલ ચેક કરતાં ૧૪ મેસેજ આવેલા હતા અને તેમના તથા તેમની પુત્રીના બેન્ક ખાતામાંથી એક ખાતામાંથી ૧૦૭૦૦૦ તથા બીજા ખાતામાંથી ૨,૯૩,૦૦૦ સહિત કુલ ૪,૦૦,૦૦૦ ઓન લાઇન ફ્રોડ થયેલો હતો. મોબાઇલ ચેક કરતાં ફોન ફોરવડીગ થઇ ગયેલો હતો. આ ઘટના અંગે પ્રથમ સાયબર હેલ્પ લાઇનમાં ઓન લાઇન ફરિયાદ બાદ મણિનગરપોલીસે છેતરપીડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat